બોરસદમાં ટાઉન પ્લાનિંગના નકશા સાથે ચેડાં કરી વધારાની જમીન હડપવાનો કારસો !

# બોરસદ તાલુકાના વહેરામાં સરકારી સહી-સિક્કા ક્લોન કરવાનું કૌભાંડ!

**આણંદ નગર નિયોજક કચેરીના નકલી મંજૂરીપત્રો રજૂ કરાતા ભાંડો ફૂટ્યો**

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૦

આણંદમાં સરકારી વિભાગોના નકલી સીક્કા અને સહીઓ કરીને સરકારી તંત્ર અને કાયદાની આંખમાં ધૂળ નાખવાનો એક સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બોરસદ તાલુકાના વહેરા ગામની હેપ્પી એવન્યુ સોસાયટીમાં મૂળ મંજૂર નકશા કરતાં વધુ જમીન પચાવી પાડવાના બદઈરાદાથી આણંદના નગર નિયોજક (ટાઉન પ્લાનિંગ) વિભાગના બનાવટી સહી-સીક્કા મારી નકલી નકશા અને મંજૂરી ઊભી કરવામાં આવી હોવાનું ખુલ્યું છે. આ મામલે આણંદ શાખાના જુનિયર નગર નિયોજક હિરેનભાઈ રમેશચંદ્ર રાઠોડ દ્વારા બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

આણંદના જુનિયર નગર નિયોજક હિરેનભાઈ રાઠોડની ફરિયાદ અનુસાર, હેપ્પી એવન્યુ સોસાયટીના સેક્રેટરી મનોજકુમાર નવનીતલાલ ભાવસાર દ્વારા ગત ૧૬મી એપ્રિલ, ૨૦૨૬ અને ૨૧મી જૂન, ૨૦૨૬ ના રોજ નગર નિયોજકની કચેરી આણંદ ખાતે અરજીઓ મોકલવામાં આવી હતી. આ અરજીઓ સાથે મોજે વહેરાના સર્વે નંબર ૩૭૨+૩૭૩ પૈકી સબ પ્લોટ નં. એ/૦૨ અને પ્લોટ નં. એ/૧૩ અને એ/૧૪ ના મંજૂરી આપેલા હોવાનો દાવો કરતા નકશાઓની નકલો રજૂ કરવામાં આવી હતી. આ નકશાઓ પર નગર નિયોજક આણંદના સહી-સીક્કા અને જાવક નંબર ૧૬૪૧ તથા ૧૬૪૨ (તારીખ ૧૭/૧૧/૨૦૨૫) દર્શાવેલા હતા. આ નકશા રદ કરવા રજૂઆત કરી હતી. જોકે, સરકારી અધિકારીઓએ કચેરીના અસલ રેકોર્ડની ચકાસણી કરવામાં આવી ત્યારે માલૂમ પડ્યું કે આ તારીખે આવી કોઈ મંજૂરી કે જાવક નંબર વહેરાની આ સોસાયટી માટે ઈશ્યૂ જ કરાયા નહોતા !

આ ગંભીર કૌભાંડ સામે આવ્યા બાદ ઉચ્ચ સરકારી અધિકારીઓના આદેશથી જુનિયર નગર નિયોજકે અજાણ્યા કૌભાંડી વિરુદ્ધ છેતરપિંડી અને સરકારી દસ્તાવેજોની બનાવટનો ગુનો દાખલ કરાવ્યો છે.

**શોપિંગ સેન્ટરના નામે નંબર ફાળવાયેલા હતા !**

આ તપાસમાં સૌથી મોટો ચોંકાવનારો ખુલાસો એ થયો કે, જે જાવક નંબર ૧૬૪૧ અને ૧૬૪૨ દર્શાવીને સોસાયટીના નકશા પાસ હોવાનો દાવો કરાયો હતો, તે જાવક નંબરો તો ખરેખર વહેરા ગામના જ અન્ય સર્વે નંબર ૩૮૮/૨ માં બનનારા એક શોપિંગ સેન્ટર (M-1) ના નકશા મંજૂરી માટે ફાળવવામાં આવ્યા હતા ! આમ, કૌભાંડીઓએ શોપિંગ સેન્ટરના અસલ જાવક નંબરની ચોરી કરી, તેનો ઉપયોગ કરીને હેપ્પી એવન્યુ સોસાયટીના પ્લોટના કદમાં ફેરફાર કરી વધુ જમીન પચાવી પાડવા માટે ખોટા સીક્કા અને બનાવટી સહીઓ કરી આખું ષડયંત્ર રચ્યું હતું.

મેઘરાજાના વિરામ બાદ કડક તડકો નિકળતાં જગતના તાતને હાશકારો

# ખેડા જિલ્લામાં વરાપ નીકળતા પાકને ફાયદો થવાની આશા

**છેલ્લા ૫ દિવસથી આકાશ સ્વચ્છ થતાં ખેડૂતો કૃષિ કાર્યોમાં જોતરાયા**

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લામાં ભારે વરસાદી માહોલ શાંત પડ્યા બાદ છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાએ સંપૂર્ણપણે વિરામ લીધો છે. વાતાવરણમાં સારો ઉઘાડ નીકળતા અને પૂરતો સૂર્યપ્રકાશ મળતા સામાન્ય જનજીવન રાબેતા મુજબ થવા પામ્યું છે. ખાસ કરીને ચાલુ ચોમાસાની સિઝનના ખરીફ પાકો માટે આ હવામાન અતિ ઉપયોગી અને આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

ખેડામાં વરાપ નીકળતા ખેતીના ઊભા પાકને નુકસાનની ચિંતા ટળી ચાલુ સિઝનમાં જુલાઈ મહિનાના અંતમાં નડિયાદ અને આસપાસના વિસ્તારોમાં ખાબકેલા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાઈ હતી. સતત વાદળછાયા વાતાવરણ અને વરસાદથી ખેતરોમાં પાણી ભરાયેલા રહેતા પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી હતી. જો કે, છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાએ સંપૂર્ણપણે વિરામ લીધો છે અને આકાશ સ્વચ્છ થતા સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં મળી રહ્યો છે. ખેતરોમાં વરાપ નીકળતાં જ ખેડૂતો ચિંતામુક્ત બન્યા છે.

આ સાનુકૂળ હવામાન ખેડા જિલ્લાના મુખ્ય ખરીફ પાકો જેવા કે ડાંગર અને તમાકુના વાવેતર તેમજ ઉછેર માટે વરદાન સાબિત થઈ રહ્યું છે. હાલમાં પાકની યોગ્ય માવજત માટે ખેડૂતો ઉત્સાહપૂર્વક ખાતર નાખવા, નિંદામણ કરવા અને દવા છાંટવા જેવા મહત્વના કૃષિ કાર્યોમાં સક્રિય થઈને જોતરાઈ ગયા છે. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ કાદવ - કિચ્ચડથી ઘરાયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# ખાનપુર પાસે એક્ટિવા સ્લીપ થતાં આધેડનું મોત

**મધવાસના આધેડ અકસ્માતમાં ઘવાતાં સારવાર દરમિયાન દમ તોડ્યો**

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૦

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના દેગમડા ગામ નજીક ગત ૮મી ઓગસ્ટના રોજ સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મધવાસ ગામના આધેડનું અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

લુણાવાડા તાલુકાના મધવાસ ગામમાં રહેતા ૪૭ વર્ષીય મનુભાઈ દયાળભાઈ ગત ૦૮મી ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ પોતાના કામ અર્થે લીમડીયા તરફ ગયા હતા. તેઓ પોતાનું હોન્ડા એક્ટિવા (નંબર GJ-35-R-2501) લઈને પરત ફરી રહ્યા હતા, ત્યારે દેગમડા ગામે મોડાસાથી લુણાવાડા તરફ જતા રોડની સાઈડમાં અચાનક એક્ટિવા સ્લીપ થઈ જતાં તેઓ નીચે પટકાયા હતા.

આ અકસ્માતમાં મનુભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તાત્કાલિક લુણાવાડા કોટેજ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગત ૧૯મી ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પુત્ર સૌરવભાઈ મનુભાઈ પ્રણામીએ બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

કપડવંજમાં બે દિવસ રેલવે ફાટક બંધ રાખ્યા છતાં રોડની હાલત બિસ્માર

# કપડવંજ GIDC પાસે જર્જરિત રસ્તાથી વાહનચાલકોમાં મોટા અકસ્માતનો ભય

**કપડવંજ-મોડાસા રોડ પર ફાટક નં. 57 ની બંને બાજુ મસમોટા ખાડા અને છૂટા પથ્થરોથી વાહનચાલકો પરેશાન**

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૦

કપડવંજ જીઆઈડીસી પાસે કપડવંજ-મોડાસા રોડ પર આવેલા રેલવે ફાટક નં. 57 ની બંને બાજુનો રસ્તો અત્યંત બિસ્માર બની જતાં વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગત 7 અને 8 ઓગસ્ટ દરમિયાન બે દિવસ સુધી રેલવે ફાટક મરામતના કામ માટે બંધ રાખવામાં આવ્યું હતું, તેમ છતાં રસ્તાની બંને બાજુના રોડનું સમારકામ ન થતાં તંત્ર સામે અનેક સવાલો ઊભા થયા છે.



કપડવંજમાં ફાટક બંધ રહેવાને કારણે વાહનચાલકોએ બે દિવસ સુધી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડ્યો હતો અને મુશ્કેલી વેઠવી પડી હતી. પરંતુ ફાટક ફરીથી ખુલ્યા બાદ પણ પરિસ્થિતિ ઠેરની ઠેર છે. હાલમાં ફાટકની બંને તરફ મસમોટા ખાડા, ઉખડેલું ડામર અને છૂટા પથ્થરો જોવા મળી રહ્યા છે. આ માર્ગ પરથી ભારે વાહનોની સતત અવરજવર રહે છે અને વરસાદી માહોલમાં ખાડાઓમાં પાણી ભરાવાને લીધે ખાસ કરીને સ્કૂટર અને બાઈકચાલકો માટે અકસ્માતનું જોખમ ખૂબ વધી ગયું છે. સ્થાનિક વાહનચાલકોની માંગ છે કે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રસ્તાનું સ્થળ નિરીક્ષણ કરી ખાડાઓ પુરવામાં આવે અને ગુણવત્તાયુક્ત ડામર કામ (રી-સર્ફેસિંગ) કરવામાં આવે.

# ખેડા જિલ્લા મજદૂર સંઘ દ્વારા શ્રમિકોના પ્રશ્નોની રજૂઆત

**પાલિકા કર્મચારી, આશા વર્કર, આંગણવાડી અને બાંધકામ શ્રમિકોની માંગણી ઉકેલવા માંગ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

ભારતીય મજદૂર સંઘ સંલગ્ન ખેડા જિલ્લા મજદૂર સંઘ દ્વારા વિવિધ ક્ષેત્રોના શ્રમિકો અને કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે ખેડા જિલ્લા કલેક્ટર મારફતે રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને એક સવિસ્તાર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આ રજૂઆતમાં ખાસ કરીને નડિયાદ મનપાના કર્મચારીઓ, આશા વર્કર બહેનો, આંગણવાડી કાર્યકરો, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના હક અને અધિકારો સુરક્ષિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. શ્રમિકોમાં વેતન વિસંગતતા, નોકરીની સુરક્ષા અને પ્રાથમિક સુવિધાઓ જેવા પ્રશ્નો અંગે લાંબા સમયથી કોઈ યોગ્ય નિર્ણય ન લેવાતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ આવેદનપત્રમાં પાયાની સેવાઓ આપતા આ નાના શ્રમિકોના આર્થિક અને સામાજિક પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

આ આવેદનપત્ર આપવામાં ખેડા જિલ્લા મજદૂર સંઘના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા, જેમાં સંગઠનના મંત્રી લોમેશ બારોટ અને જિલ્લા અધ્યક્ષ હિમાંશુભાઈ બારોટ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારુસેટ સંલગ્ન PDPIAS ખાતે પ્રમુખસ્વામી મહારાજ એન્ડોમેન્ટ ચેર લેક્ચર સિરીઝ યોજાઈ

**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન PDPIAS માં શ્રી પ્રમુખસ્વામી મહારાજ એન્ડોમેન્ટ ચેર વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે IISc બેંગલુરુના પ્રખ્યાત વૈજ્ઞાનિક પ્રોફેસર દીપાંકર નંદીએ માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ અને કેન્સર સામેની લડતમાં ૨૦૧૮ના નોબેલ પારિતોષિક મેળવનાર સંશોધન વિષે વિશેષ વ્યાખ્યાનો આપ્યા હતા. આ શ્રેણી દ્વારા ઉપસ્થિત અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓને આધુનિક બાયોમેડિકલ સંશોધન ક્ષેત્રે ઊંડાણપૂર્વકની સમજ તેમજ રિસર્ચ કરવાની પ્રેરણા મળી હતી. આ સફળ કાર્યક્રમનું આયોજન કો-ઓર્ડીનેટર ડો. રૂચિ ચતુર્વેદી તથા સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અભિષેક ડઢાણિયા અને સાયન્સ ફેકલ્ટીના ડીન ડો. ગાયત્રી દવેના માર્ગદર્શન હેઠળ થયું હતું.



### કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટીમાં સ્વતંત્રતા દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઇ

**આણંદ** | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી અંતર્ગત મુખ્ય અતિથિ શ્રીમતી છાયાબેન પ્રવિણભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી અને રજિસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી સહિત યુનિવર્સિટીના ફેકલ્ટી, સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન દેશભક્તિના રંગે રંગાયેલા સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ગાયન, નૃત્ય અને કવિતા રજૂ કરીને પોતાની સાંસ્કૃતિક પ્રતિભા દર્શાવી હતી. કે. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા સફળતાપૂર્વક સંચાલિત આ ઉત્સવ એકતા અને દેશભક્તિની ભાવના સાથે ખૂબ જ યાદગાર બની રહ્યો હતો.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### આણંદની સેંટ સ્ટીફન કોલેજમાં 'Emerging Trends in ICT' વિષય પર ગેસ્ટ લેક્ચર યોજાયું

**આણંદ** | આણંદની સેંટ સ્ટીફન કોલેજમાં જ્ઞાનધારા હેઠળ 'Emerging Trends in ICT' વિષય પર ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડો. દર્શન ચોકસીએ વિદ્યાર્થીઓને IoT, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ક્લાઉડ કમ્પ્યુટિંગ ક્ષેત્રે ભવિષ્યની કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ આચાર્યા ડો. અવની દવે, ચેરમેન શ્રી વોલેસ ક્રિશ્ચિયન અને કેમ્પસ ડાયરેક્ટર જતીન પઢિયાર સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. પ્રાધ્યાપક પ્રતિક ઠાકોર અને તમામ સ્ટાફ મિત્રોના સહયોગથી આ જ્ઞાનવર્ધક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.




### સરદાર પટેલ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી પર એકદિવસીય વર્કશોપ યોજાયો

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હોમ સાયન્સ વિભાગ દ્વારા □ક્વોલિટી એસેસમેન્ટ તથા ફૂડ સેફ્ટી કમ્પ્લાયન્સ□ વિષય પર એકદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહેલા વિરલ શાહ અને કલ્પેશ પરમારે ફૂડ ઓડિટીંગ, ફૂડ ક્વોલિટી અને તેની આધુનિક ટેકનિકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં એમ.એસસી.ના વિદ્યાર્થીઓ, પીએચ.ડી. સ્કોલર્સ અને શિક્ષકો સહિત આશરે ૫૫ જેટલા સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ કન્વીનર પ્રો. નમ્રતા કોલા અને સંયોજકો ડો. નીતા દવે તથા ડો. વિરાજ રોઘેલિયાના સહકારથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



### ગુજરાત ખો-ખો લીગમાં બી.વોક. ટાઈગર્સ અને બી. એન. પટેલ બુલ્સ ચેમ્પિયન બન્યા




**આણંદ** | આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ દ્વારા 'આરોહણ' અંતર્ગત આયોજિત ત્રણ દિવસીય ગુજરાત ખો-ખો લીગ-૨૦૨૬નો ભવ્ય સમાપન સમારોહ ફાઇનલ મેચો સાથે સંપન્ન થયો હતો. રોમાંચક ફાઇનલ મુકાબલામાં ગર્લ્સ વિભાગમાં બી.વોક. ટાઈગર્સ અને બોયઝ વિભાગમાં બી. એન. પટેલ બુલ્સ વિજેતા બનતા બંને ટીમોને ટ્રોફી અને સન્માનથી નવાજવામાં આવી હતી. આ સમાપન પ્રસંગે સંસ્થાના સેક્રેટરી ડો. બી. એન. પટેલ, આણંદના મેયર દીપિકાબેન પટેલ અને કુલપતિ હરિભાઈ કાતરિયા સહિતના અગ્રણી મહાનુભાવો ખેલાડીઓનો ઉત્સાહ વધારવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર ખાતે 'સહકાર સંમેલન' માં કેડીસીસી બેંકના ચેરમેન તેજસકુમાર પટેલનું સન્માન કરાયું

**આણંદ** | ગાંધીનગરના ટાઉન હોલ ખાતે 'સહકાર સંમેલન' યોજાયો હતો. જેમાં કેડીસીસી બેંકના ચેરમેન તેજસકુમાર બી. પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું છે. તેમના સહકારી ક્ષેત્રે પ્રેરણાદાયી નેતૃત્વ અને ખેડૂત કલ્યાણના અનોખા યોગદાન બદલ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે 'સન્માન પત્ર' અને સ્મૃતિચિહ્ન એનાયત કરાયા હતા. આ સન્માન સ્વીકારતા તેજસકુમાર પટેલે બૃહદ ખેડા જિલ્લાના લાખો ખેડૂતો, પશુપાલકો અને બેંક પરિવારના સદસ્યોના અવિરત વિશ્વાસ તેમજ સહિયારા પરિશ્રમ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.




### મોગરીની વી.જે. પટેલ ફિઝિકલ કોલેજ ખાતે ટેનિસ માટે પસંદગી પ્રક્રિયા યોજાઈ

**આણંદ** | મોગરીની વી.જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ખાતે 'ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ટેનિસ સ્પર્ધા' માટે ટીમ પસંદ કરવા સિલેક્શન ટ્રાયલ યોજાયા હતા. આ પ્રસંગે નિરીક્ષક તરીકે યુનિવર્સિટીના પ્રોફેસર ડો. યોગેશભાઈ જાની અને પસંદગી સમિતિના સભ્ય તરીકે ટેનિસ કોચ ચિંતનભાઈ મહેતા હાજર રહ્યા હતા. ખેલાડીઓની રમતગમત પ્રતિભા, ટેનિસ કૌશલ્ય, ટેકનિક અને ફિટનેસના આધારે અત્યંત પારદર્શક રીતે આ પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલે સૌનો આભાર વ્યક્ત કરી જણાવ્યું કે કોલેજ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે તક અને પ્રોત્સાહન આપવા કટિબદ્ધ છે.



### ભાદરણમાં બ્રાહ્મણ પંચ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ સમારોહ યોજાયો

**આણંદ** | આણંદ જિલ્લાના ભાદરણ ખાતે શ્રી બ્રાહ્મણ પંચ ભાદરણ ટ્રસ્ટ દ્વારા બ્રાહ્મણ પંચની વાડીમાં તેજસ્વી તારલાઓનો સન્માન અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાનોના વરદ હસ્તે માંગલ્યદીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ જ સમારોહમાં ભાદરણ પીપલ્સ કો-ઓપરેટીવ બેંકના નવનિયુક્ત બિનહરીફ વાઇસ ચેરમેન અંકિતકુમાર ભગવતી પ્રસાદ ભટ્ટનું પણ મહાનુભવોના હસ્તે વિશેષ સન્માન કરાયું હતું. આ અવસરે પંચવાડીના પ્રમુખ રાકેશભાઈ પંડ્યા, ઉપપ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટ તેમજ અગ્રણીઓ, આમંત્રિત મહેમાનો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### વિદ્યાનગર સ્થિત આઈબી પટેલ ઈંગ્લીશ સ્કૂલમાં ભવ્ય 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અને પ્રદર્શન યોજાયું



**આણંદ** | રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આણંદના માર્ગદર્શન હેઠળ આઈ. બી. પટેલ અંગ્રેજી શાળામાં વિવિધ ભાષાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓએ વડાપ્રધાન દ્વારા રજૂ કરાયેલા પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતો પર આધારિત આકર્ષક ચાર્ટ્સ, પ્રોજેક્ટ્સ અને સુલેખન પ્રદર્શન તૈયાર કર્યું હતું. આ પ્રદર્શનમાં પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ, દીકરીનું મહત્વ અને સંસ્કૃત ભાષાનું ગૌરવ જેવા પ્રેરણાદાયી વિષયોને સુંદર ચિત્રો અને ભાવાર્થ સાથે રજૂ કરાયા હતા. આચાર્ય ભાવેશકુમાર ભટ્ટ અને શિક્ષકોએ સર્જનાત્મક કૃતિઓને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

### કપડવંજના અરવિંદ કેન્દ્રમાં ત્રિવેણી સંગમાત્મક સમારોહ ઉજવાયો



**કપડવંજ** | અરવિંદાયન (અભીપ્સા કેન્દ્ર) કપડવંજ ખાતે મહર્ષિ અરવિંદનો આવિર્ભાવ દિવસ, દેશનો સ્વાતંત્ર્ય દિન અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ એકસાથે ઉજવાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ રસિકભાઈ કે. પટેલે માતાજીની સર્વાંગીણ શિક્ષણ નીતિ અંગે ઉપસ્થિત સૌ શ્રોતાઓ સમક્ષ પ્રેરક અને ભાવવાહી વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કપડવંજની વિવિધ શાળાઓ અને કોલેજોના તેજસ્વી વિદ્યાર્થીઓને □પ્રિન્સિપાલ કે. એસ. યાદવ મેમોરિયલ ટ્રસ્ટ□ તરફથી રૌપ્ય (રજત) ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ મંગલમય કાર્યક્રમ પ્રસાદ વિતરણ સાથે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### કપડવંજ લાયન્સ ક્લબ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

**કપડવંજ** | કપડવંજ ખાતે લાયન્સ ક્લબ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબના પ્રમુખ મુકેશભાઈ તલાટી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાયું હતું. આ કાર્યક્રમમાં મંત્રી દિનેશભાઈ પટેલ સહિત ક્લબના તમામ સભ્યોએ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરતો આ કાર્યક્રમ દેશભક્તિના માહોલમાં સંપન્ન થયો હતો.

